# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

બોલે છે બેફામ, વાણીની મર્યાદા તૂટે છે,
બની બેલગામ ઘોડા તબેલેથી છૂટે છે,
ખૂટે છે સંસ્કાર ભારતીય સંસ્કૃતિનાં -
ચાલ્યા નહીં મેદાનમાં સિદ્ધુ, મંચે દોટે છે..
(નવજોત નો બફાટ)

કપાય ડબ્બા,
ટિકીટ જંકશને -
સન્ટીંગ શરૂ..
(પક્ષમાં તોડફોડ)

પક્ષને ચૂલે -
સિધ્ધાંતોની ખીચડી
રંધાય સત્તા..
(પક્ષ-પલ્ટા)

હાઈકુ

## ચિંતન

ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જીવિત યૌવને ।
ચલાચલ મિદં સર્વ કીર્તિયસ્ય સ જીવતિ ॥

'લક્ષ્મી ચંચળ છે, મન ચલાયમાન છે, જિંદગી અને યૌવન પણ ચંચળ છે, આ બધું જ ચલ અને અચલ છે એ પરિસ્થિતિ જે 'કીર્તિ' માગે છે તેનું જીવન, જીવ્યા તુલ્ય, સફળ છે.'

લક્ષ્મી ક્યાંક કાયમ માટે રહેતી નથી જીવનના પુરૂષાર્થ કે ભાગ્યના દાયકા પ્રમાણે લક્ષ્મી ધન-સમૃધ્ધિ આવે છે... આજના પ્રધાનશ્રીઓ કે સરકારી સાહેબો કે વેપાર-ઉદ્યોગમાં અપાર સમૃધ્ધિ આવતી હોય છે તે સમય દરમિયાન કોઇ છક્કી જાય અને જીવન અને ધન વેડફી નાખે છે કોઇ 'બચત' કરી જીવન સુરક્ષિત કરે છે તો કોઇ દાન-પુણ્ય કરી 'કીર્તિ' કમાઇ લે છે.

જીવન પણ કાયમી નથી, ક્યો શ્વાસ પાછો નહીં આવે એની આપણને ખબર નથી. મોજશોખ-વ્યસન-વાસનામાં જીવન વેડફી નાખવું કે સમાજસેવા કરી કીર્તિ-નામના પામવી એ આપણે વિચારી લેવાનું છે.

જીવનનો એક તબક્કો યુવાની છે ૨૦-૨૫ વર્ષમાં શ્રમ-પરિવાર દ્વારા કમાણી થઇ શકે કે આરામ કરી વય વેડફી પણ શકાય -

લક્ષ્મી-જીવન-યૌવન બધું જ ચલાયમાન-અસ્થિર છે. એનો સદુપયોગ કરી જીવનને ધન્ય બનાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

## સુવિચાર

- અનેકવાર, ઘાંટા પાડી કહેવાતી એકની એક વાત કહેવાથી જ કંઇ 'સત્ય' થઇ જતી નથી - **શરદ ભાબુ**
- અન્યાયી રાજ્યમાં 'ન્યાય'ની ઉણપ હોય છે સત્ય માટે કંઇ પ્રમાણની ઉણપ હોતી નથી - **અમૃતલાલ નાગર**
- 'સત્ય'નો અનાદર માનવ સમાજના સ્વાસ્થ્યમાં ખંજર મારવા બરાબર છે- **એમર્સન**
- 'સત્ય' મહાન અને મહાશક્તિશાળી છે - **બાઇબલ**
- સત્યને દબાવી શકાતું નથી તે ગમે ત્યાંથી, ગમે ત્યારે આપોઆપ પ્રગટ થઇ જ જાય છે - **બ્રાયન્ટ**
- 'સત્ય'થી પણ ઊંચો કોઇ ધર્મ નથી - **કાલિદાસ**
- 'સત્ય' શબ્દ દ્વારા સમજાવી શકાય એમ ન હોય ત્યારે પણ તે હયાત હોય જ છે - **જે. કૃષ્ણમૂર્તિ**

## બોધ કથા

કેટલાંક લોકો નબળાં મનનાં હોય છે એમની પલકો પર આંસુના તોરણ બાંધ્યા હોય છે ગમે તેવો નાનો બનાવ બને કે તરત એમની આંખોનું આંસુનું તળાવ છલકાય - પછી એને રોકવા કે બંધ કરવાનો ઇલાજ એમની પાસે હોતો નથી. ફિલ્મો-સિરીયલ-પડોશી-કુટુંબીનું દુઃખ જોઇને પણ રડે, કેટલીક વાર તો રડવાનાં પ્રસંગ ન હોય તો આનંદના પ્રસંગે કોઇને યાદ કરી રડે! રડવું એ કોઇ સમસ્યાનો ઉકેલ નથી.

એક ગામડાનાં પાદરમાં કેટલાંક ઘર હતાં, એમની મુશ્કેલી એ હતી કે જંગલી કૂતરાં અર્ધી રાત્રે પાદરમાં આવે અને મોટી પોક મુકી - લાંબી લાંબી ચીખે - રડે... ગ્રામજનો આનાથી થાકી-હારી-કંટાળી ગયા હતા.

એકવાર એક માણસ હિંમત કરી અર્ધી રાત્રે ઉઠ્યો અને રડતાં કૂતરાંના નાયકને પૂછ્યું ભાઇ! તમાર રડવાનું કારણ શું છે? અમારા ગામ પર કોઇ આપત્તિ આપવાની છે કે તમને કોઇ મુશ્કેલી છે? - કારણ જણાવો તો એનો ઇલાજ થાય! માત્ર આમ જોર-શોરથી રડવાનો શું અર્થ? નાયક કૂતરાં એ પોતાના બીજા સાથીદારો સામે જોયું ને કહ્યું, 'અમને ખબર નથી, બધાં રડે છે એટલે હું પણ રડું છું.'

બધાનો આવો જ જવાબ હતો... આમ સમજ્યા વિના, કારણ વિના રડ-રડ કરવાનો કંઇ અર્થ ખરો?!

# એક ગધેડો રાષ્ટ્રીય નેતાનું પોસ્ટર ચાવી ગયો

**વિચાર યાત્રા**
**- જય ઓઝા**

એક ગધેડો રાષ્ટ્રીય નેતાનું પોસ્ટર ચાવી ગયો.
અને પછી તો ગધેડો તાનમાં આવી ગયો...
પછી તો, કાન હલાવી, ખરી પછાડી એ તૈયાર થઇ ગયો
ગઇકાલનો ગધેડો પળવારમાં તોખાર થઇ ગયો...
હવે એ જે કંઇ કરે એ જરા સ્ટાઇલથી કરે છે
પોળ, પાદર છોડીને સી.જી. રોડ પર ચરે છે.
હમણાંથી એ હોંચી હોંચી ને બદલે ફક્ત જાહેરમાં નિવેદન કરે છે.
પછી તો એ નેતા જેવા નખરા શીખી ગયો બે-ચાર,
અને એક દિવસ ઉકરડે અડીને કર્યો પોકાર
હે વૈશાખનંદનો... દુનિયાભરના ગધેડાઓ એક થઇ જાવ!
ક્યાં સુધી આપણે માણસોના જુલમ સહીશું? ક્યાં સુધી ભાર વહન કરીશું
અરે તુચ્છ માનવો, અક્કલ વગરનાને તમે ગધેડો કહો છો,
અરે, અમારૂં કંઇક તો સ્ટાન્ડર્ડ રાખો...
હવેથી કોઇ સારા માણસને ગધેડો કહેવાનું રાખો!
પછી તો એ માગણીઓનું લાંબી લીસ્ટ વાંચી ગયો... લીસ્ટ હતુ -
હવેથી માલ અને માઇલેજ પ્રમાણે નૂર વસુલાશે...
આપણી ઉપર બેસનારની પણ ટિકીટ લેવાશે...
ડફણાથી એન્કાઉન્ટર કરનારને આપણે ઠીક કરીશું...
નહીં તો એને સી.બી.આઇ.ની તપાસમાં ફિટ કરીશું...
માણસના ડચકારા પર હવે અમે નહી ંદોડીએ...
અમારો ચારો ખાનારને અમે નહીં છોડીએ...
કહેવાતોમાંથી આપણો ઉલ્લેખ દૂર કરાવીશું.
આપણી આગળ લટકાવેલું ગાજર દૂર હટાવીશું.
પછી તો વાતો, લાતો અને હાકલો ઘણી થઇ
પછી હોકારા પડકારા વચ્ચે સભા પૂરી થઇ...
એવામાં એક દિવસ એને મંત્રીનો ભેટો થયો...
એની સાથેની વાતચીતથી એ ઘણો પ્રભાવિત થયો...
ગધાપ્રસાદે કહ્યું મને તમારો શાગિર્દ બનાવો
અને દર પાંસ વર્ષે ચૂંટાવાનો કીમિયો બતાવો!
નેતા કહે, કીમિયો બહુ સરળ છે
આ દેશની જનતા બહુ ભોટ છે જે વોટ આપીને પોટી જાય છે
અને એમાં જ આ બંદાનું કામ થઇ જાય છે!
દર ચૂંટણીએ એમની આગળ વચનોનું ગુલાબી ગાજર લટકાવી દઉં છું!
અને એમ ને એમ જ દર પાંચ વર્ષે ચૂંટાઇ જઉં છું!
આ વાત સાંભળીને ગધાપ્રસાદ વિચારમાં પડી ગયો...
એને લાગ્યું કે માણસ બનીને ગધેડા બનવું
એના કરતાં આપણે ગધેડા જ સારા છીએ...
આપણે ગધેડા જ સારા છીએ...

**ટૂંકી દૃષ્ટિથી નહીં પરંતુ લાંબો વિચાર કરીને ભવિષ્ય વિશે વિચારીને આપણી 'મત' ની મહોર યોગ્ય વ્યક્તિ પર લગાવીએ...**

વૈશાખનંદનની મનોવેદના ઠાલવતી આ કવિતાઓ ઇ-મેઇલ ચાર-પાંચ મહીના પહેલા ઇનબોક્સમાં આવ્યો હતો... હમણાં વાંચવામાં ફરી આવ્યો, અને થયું કે અત્યારે માહોલ ભી ઠીક હૈ, તમારી સાથે શેર કરવાનું મન થઇ આવ્યું.

ચૂંટણી-ઋતુ જોરમાં છે, આ વર્ષે આપણા ગુજરાતી કેલેન્ડર પ્રમાણે અધિક માસ (પુરૂષોત્તમ મહિનો) એક મહિનો વધારાનો હતો, તેમ આ ૨૦૧૨માં અધિક ઋતુ પણ આવી છે... ચૂંટણી ઋતુ... ઉમેદવારોને શિયાળો, ઉનાળો અને ચોમાસું આ ત્રણેય ઋતુનો અનુભવ આ એક જ ઋતુમાં થઇ જાય છે...

ગધેડો ભૂલે-ચૂકેય જો કોઇ નેતાનું ખાલી અમસ્તુ પોસ્ટર પણ ચાવી જાય તો, તેના સ્વભાવમાં કેવું આમૂલ પરિવર્તન આવી જાય છે, તેની કટાક્ષિકા જેવી આ કવિતા છે...

અચાનક તેને પોતાની ઉપર મનુષ્યો દ્વારા થતા અત્યાચારોનું ભાન થાય છે... અને એક પછી એક માગણીઓનું લિસ્ટ મૂકીને ગધેડામાંથી વૈશાખનંદન બનવા તરફની ગતિ કરે છે.

પરંતુ નેતા સાથેની વાતચીત દરમિયાન તેને ભાન થાય છે કે - આ નેતાઓ તો કપટી રમતો રમીને ભોટ પ્રજાને મૂરખ બનાવીને વચનોનાં ગાજર લટકાવીને માનવીમાંથી ગધેડા બનાવે છે, તેના કરતા તો આપણે ગધેડા જ સારા છીએ...

ગત સપ્તાહે મિત્ર સંજયભાઇ થોરાતે એમની કોલેજમાં ચૂંટણીની સિઝનમાં ચૌરેને ચૌટે પાનના ગલ્લે રાજકારણની ચર્ચા કરતા પીચકારી મારતા, બણગાં, ફૂકતાં ફેંકોલોજી વિષયના સ્નાતક ડંફાસિયાઓની સરસ વાત કરી હતી...

આપણા બધાનો મૂળભૂત સ્વભાવ શું ખરેખર આવો જ છે! કોઇ પણ વિષય ઉપરનું આપણું સામાન્ય જ્ઞાન પ્રદર્શિત કરતા આપણે થાકતા નથી, પરંતુ જ્યારે અનુસણનો પ્રસંગ આવે ત્યારે જાણે આપણને સાપ સૂંઘી જાય છે...

આપણે સરળતાથી બેવકૂફ બની જઇએ છીએ... છેલ્લા ૬૦-૬૫ વર્ષથી આપણે લોકશાહીના નામે ઠોકશાહી જ સહન કરી છે... એક જ પરિવાર પ્રત્યે આપણે આંધળી ભક્તિ અને વફાદારી દાખવે રાખી છે, અને તેના જ કારણે દિલ્હીની ગાદી પર ભલે ગમે તે બસે પણ સત્તા તો એક જ પરિવાર ભોગવતો આવ્યો છે...

અઘધ... રૂપિયાના ગોટાળા, કૌભાંડો અને સ્કેન્ડલો પછી પણ જાડી ચામડીના કહેવતા રાષ્ટ્રીય નેતાઓનું રૂંવાડું ય ફરકતું નથી... અને વટભેર પાછા વોટ માંગવા નીકળી પડે છે...

"મુસ્કાને જૂઠી હૈ..." "પહેચાને જૂઠી હૈ..." શા માટે આપણે સૌ હજી સુધી ચૂપ છીએ... હજી ઓળખ થતી નથી...

૭૫ વર્ષની ઉંમરે ડી.એન.એ. રિપોર્ટ દ્વારા જાણ થાય કે ૭૫ વર્ષના દાદા જ આ યુવાનના પિતા છે, એવા ચારિત્ર્યહીન નેતા કહે છે કે ૨૦૧૪માં હું ચૂંટણી નથી લડવાનો.... અરે... વાહ... શું શાલીનતા છે! ચારિત્ર્યહીન દાદાજી તમને ઊભા રહેવા દઇએ તો ને!

ચૂંટણીનો ધર્મ લોકશાહી છે... જ્ઞાતિવાદ નથી. હંમેશા લોકશાહીને અનુરૂપ સિધ્ધાંતોની એરણે ચૂંટણી થવી જોઇએ... જ્ઞાતિવાદ અને અમથાવાદને દૂર રાખવો જોઇએ...

સામાન્ય રીતે જોવા જઇએ તો અત્યારે ચોક્કસપણે પરિસ્થિતિઓ નિરાશાજનક છે... પરંતુ તેનો અર્થ એવો જરા પણ નથી કે આપણે નિસ્ક્રીય બનીને માત્ર ચર્ચા જ કરતા રહીએ... 'મતદાન' એ આપણું સૌથી મોટું હથિયાર છે... આળસ અને નિરાશા વગર આપણે સહુ અચૂક મતદાન કરીએ... ટૂંકી દૃષ્ટિથી નહીં પરંતુ લાંબો વિચાર કરીને ભવિષ્ય વિશે વિચારીને આપણી 'મત' ની મહોર યોગ્ય વ્યક્તિ પર લગાવીએ... નેતા કૌભાંડી હોય કે પાખંડી હોય તે માટે આપણે જ જવાબદાર છીએ... માટે ખોટી નિરાશાજનક ટીપ્પણીઓ કર્યા વગર સાચા માણસને વોટ આપીએ, જેથી પાછળથી ભોટ ન બનીએ...

# ચિંતાઓ ચિંતા કરવાવાળાને સોંપી દો અને દિવ્યશક્તિમાં દૃઢ વિશ્વાસ રાખો, દિવ્ય શક્તિનું શરણ એ જ જીવનનું મનન અને ચિંતન છે

**મોંઘેરા મોતી**
**- નટવર આહલપરા**

**છાત્રોમાં વ્યક્તિત્વ, નેતૃત્વ શક્તિના બીજ રોપતા શ્રી પ્રહ્લાદભાઇ ગોહેલ**

નોકરી કે વ્યવસામાંથી નિવૃત્ત થતાં ઘણાં મનથી ઘરડાં થઇ ગયેલા લોકો વિચારતા હોય છે, "હવે પછી શું?" આ પ્રશ્નના ઉત્તરમાં શ્રી પ્રહ્લાદભાઇ ગોહેલને મળીએ... નજીકથી ઓળખીએ... સુરેન્દ્રનગર જિલ્લાના સરવાળ ગામે તા. ૧૦-૦૨૩-૧૯૪૭ ના રોજ જન્મેલા સડસઠ વર્ષના આ યુવાનની બોડી લેંગ્વેજ સના મનમાં વસી જાય તેવી છે. પિતા સ્વ. નાનજીભાઇ અને મુળીબહેનના સુપુત્ર પ્રહ્લાદભાઇ અનેક સંઘર્ષોની વચ્ચે સૂર્યમુખીની જેમ ખીલ્યા છે અને આજે પણ ખીલતા રહ્યા છે.

અભ્યાસની તવારીખ પણ યુવાનો માટે પ્રેરક છે. એમ.એ. ઇકોનોમીક્સ, પોસ્ટ ગેજ્યુએટ બીઝનેસ મેનેજમેન્ટ, સી.એ.આઇ.આઇ.બી.૧. પ્રહ્લાદભાઇ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાંથી ચીફ મેનેજર પદે નિવૃત્ત થયા. નિવૃત્ત થયાં નથી. પ્રવર્તમાન સમયમાં તેઓશ્રી 'ઇગ્નુ'માં એમ.બી.એ., એમ.સી.એ., બી.સી.એ.ના શૈક્ષણિક કાર્યક્રમના વિઝીટીંગ ફેકલ્ટીના પદેથી નિયમિત વક્તવ્ય આપી રહ્યાં છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ સિટી ખાતે ૧૯૪૭માં શ્રી પ્રહ્લાદભાઇ શ્રીમતી કૃષ્ણબાળા બહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સુપુત્રીઓ રેખા, યાત્રી, કવિતા અને ભાવિકા દીકરાઓ બની પોતાની ભૂમિકા નિભાવી રહી છે. કૃષ્ણબાળાબહેન અને પ્રહ્લાદભાઇને પણ પોતાની સુપુત્રીઓ ઉપર ખુબ જ ગૌરવ અને સંતોષ છે. શ્રી પ્રહ્લાદભાઇ કોમ્પ્યુટર યુગ અંગે મંતવ્ય આપતાં કહે છે કે, "સુપેરે અને સુલભ જ્ઞાન વિતરણના માધ્યમ તરીકે કોમ્પ્યુટરનું પ્રદાન સર્વોત્તમ છે અને રહેશે." તેઓશ્રી વાચન માટે એમ કહે છે કે, 'મારા માટે વાંચન એ જિંદગી છે અને હું આજે જે કંઇ છું. તે વાંચન થકી જ છું. વાંચન માટે સમય ફાળવવાની પૂરતી કોશિશ કરૂં છું. ટી.વી. સિરીયલ ખાસ ગમતી નથી. પણ જીવન વિકાસમાં મદદરૂપ થતા કોઇ પણ કાર્યક્રમ માટે સમય ફાળવું છું અને તેનો જીવનમાં અમલ કરૂં છું.'

બાધા, આખડી, માનતામાં, સકારાત્મક શ્રધ્ધા ધરાવતા શ્રી પ્રહલાદભાઇ માને છે કે, "હા, તે એક ધાર્મિક બળ પૂરૂં પાડતી ભાવના છે. સ્વાસ્થ્ય સુખાકારી માટે ઉપવાસ કરી લઉં છું. જાતે પાઠ-પૂજા પણ કરૂં છું."

શ્રી પ્રહ્લાદભાઇએ સ્વદેશના પ્રવાસોમાં ઉચ્ચ તાલીમના ભાગરૂપે પ્રવાસો કર્યા છે. વિદેશના પ્રવાસમાં સિંગાપુર અને મલેશિયા નોંધપાત્ર છે. તીર્થાટન પ્રવાસો ઓછા થયા છે. તેઓ આશા નિકેતન સિનિયર સિટીઝન્સ કલબમાં ઉપપ્રમુખ પદે સેવા આપે છે. ઇશ્વર, દેવ, ગુરૂગ્રંથ ઉપર વિશ્વાસ રાખનાર શ્રી પ્રહ્લાદભાઇ ગોહેલ ગ્રંથોને પ્રેરકબળ માને છે, ગ્રામ્ય શાળામાં અંગ્રેજીના શિક્ષક તરીકે અઠવાડિયામાં એક દિવસ સેવા આપતા શ્રી ગોહેલ કહે છે કે, 'વિદ્યાદાન એ મોટું ગુપ્તદાન છે. શિક્ષક માનવ જીવનમાં આશ્ચર્યકારક પરિણામ સર્જે છે.'

પ્રેરક અવતરણ આપતા તેઓ કહે છે કે,

કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર,
હો કિસી કે લિયે તેરે દિલોમાં પ્યાર,
જીના ઇસીકા નામ હે

બે જોડી કપડાં સાથે નાની ઉંમરે જીવનયાત્રાનો પ્રારંભ કરનારશ્રી પ્રહ્લાદભાઇની આ જીવનયાત્રામાં મુઠી તેઓની પાસે અકબંધ છે. "ચલના હી જિંદગી" નજર સમક્ષ રાખી. તેઓ કહે છે કે, 'ચિંતાઓ ચિંતા કરવાવાળાને સોંપી દો અને દિવ્યશક્તિમાં દૃઢ વિશ્વાસ રાખો. દિવ્ય શક્તિનું શરણ એ જ જીવનનું મનન અને ચિંતન છે.'

કોન્ફ્યુશિયસના ચિંતન વાક્યને પ્રસ્તુત કરીએ. સંઘર્ષ એ મહેનતનો ઉત્તમ પ્રકાર છે. જેનાથી કાર્યની ગુણવત્તામાં વધારો થાય છે. આવા ગુણવાન શ્રી પ્રહ્લાદભાઇ ગોહેલને અનેકાનેક શુભેચ્છાઓ.

તેમના મો. નં. છે - ૯૪૨૮૨૯૧૬૭૮
ઘર : (૦૨૮૧) ૨૫૬૧૭૬૯

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૪થી ડિસેમ્બર

● કટાક્ષ ચિત્ર મિકી માઉસનાં સર્જક વોલ્ટ ડિઝનીનો જન્મદિન ૪.૧૨-૧૯૦૧.

જીવંત કટાક્ષ ચિત્રોમાં ઉંદરનું પાત્ર - મિકી માઉસ તેમનું સર્જન, ૨૫ અબજ માણસોએ તેમની કાર્ટૂન ફિલ્મો જોઇ છે. કરોડો માણસો અમરસર્જકની સિરીયલ નિહાળે છે. ૧૯૬૭માં તેમનું અવસાન થયું.

● ૧૮૪૧ - ૭મો એડવર્ડ - ૨૬ દિવસની ઉંમરે પ્રિન્સ વોફ વેલ્સ બન્યો.

● ૧૮૨૯ - હિન્દમાં સતી થવાના રિવાજ પર પ્રતિબંધ વિલિયમ બેન્ટિક દ્વારા.

● ૧૯૧૭ - ગાંધીજીએ મજૂરોના વેતન વિષે બે દિવસ ચર્ચા-વિચારણા કરી મિલમાલિકો સાથે મજૂરો માટે વેતન નક્કી કર્યું.

● ૧૯૭૫ - બદરી કાયવાલા - સિને માલિક પારસના તંત્રી - ગઝલકારનું અવસાન.

● કમળાના રોગ વિષે જાગૃતિ આણવા વિશ્વ કમળા (હિપેટાઇટીસ) જાગરૂકતા દિન ઉજવાય છે તારીખ ૪થી ડિસેમ્બર.

# ખુરશી... ખુરશી... ને... ખુરશી... ચારે તરફ ખુરશીની બોલબાલા છે, જયાં જુઓ ત્યાં ખુરશીની મોંકાણ... મને આમાં કશું સમજાય નહીં પરંતુ અવળચંડુ મન જોડકણાં જોડે...

**ધૂપસળી ધૂણાવે આકાશ**
**'હાય...હાય... ખુરશી જાય!'**
**(હાસ્ય કટાક્ષિકા)**
**- ગિરા પિનાકીન ભટ્ટ**

ખુરશી... ખુરશી... ને... ખુરશી... ચારે તરફ ખુરશીની બોલબાલા છે. જયાં જુઓ ત્યાં ખુરશીની મોંકાણ... મને આમાં કશું સમજાય નહીં. પરંતુ અવળચંડુ મન જોડકણાં જોડે...

હાય! હાય! ખુરશી જાય,
ભારે મોટી મોંકાણ થાય.
પ્યારાં લક્ષ્મીબાઇ રિસાય,
હાય! હાય! ખુરશી જાય...

લૂલી ઘણી કંટ્રોલમાં રાખી છતાં... ભસી ગઇ... 'ભાડમાં ગઇ ખુરશી... ન મળે તો પગંલમાં બેસાય, ટેબલ પર બેસાય, પાટલા ઉપર બેસાય, અરે! ખાટલા ઉપર બેસાય, અને કશુંય ન હોય તો... તો... 'રામકી રોટી રામ કા ખેત'ની જેમ આ ધરતી મા શું ખોટી? માની મમતાય કદીક મરી પરવારે... પણ આ ધરતીમાનો ખોળો તો સદાયને આવકારે.

બસ, બહું થયું બાપલીયા, અટાણે નથી અહીં સાહિત્ય સંગમ, કે નથી કવિ સંમેલન. અટાણે તો ચાલે છે ખુરશી ના ખેલ.

ને મન ફાવે તેટલા ડબકા મેલ.

હેં, ખુરશીના ખેલ એટલે... સંગીત ખુરશી?

રહેવા દે... વિચારવાનું બંધ કરી દે... આમ તારૂં ફદિયું ય નહીં ઉપજે, દાળ તો નહીં બફાય ને બફાશે કંઇક અવળું જ. પણ આજે નક્કી કરીને બેઠી છું કે... દાળ ન ગળે તો દાણાદાર ને આખી,

પણ ખુરશીની વાત લ્યો... તમારા કાને નાખી.

● આમ, ખુરશી એટલે બેસવા માટેનાનું એક સાધન. (ઘરથી માંડી દિલ્હી સુધી)

● ખુરશીમાંથી 'ર' બાદ કરતાં 'ખુશી' એટલે કે આનંદ.

● ખુરશીમાંથી 'શી' બાદ કરતાં 'ખુર' થયું. આ ખુર એટલે ખુર-ખુર એવો અવાજ, અથવા ચાલતાં - ચાલતાં ખરીનો અવાજ આવે તે.

● હવે ખુરશીમાંથી 'ખુ' બાદ કરતાંત 'રશી' - એટલે જીભ - દોરડું, લગામ કે રાસ.

● ખુરશી નો છેલ્લો અને પહેલો શબ્દ જોડતાં 'શીખું' થયું - ને શીખું - નો અર્થ જ્ઞાન મેળવવુંના અર્થમાં વપરાય.

આ વ્યાકરણની મગજમારીથી માથું પાકી ગયું, બરાબર ને.

તો... ચાલો, એને મૂકો પડતું. હવે ટૂંકમાં જણાવું તો... ખુર-ખુર એવા અવાજ સાથે ચાલવાનું, બે લગામ જીભને વિંઝવાની, જ્ઞાન મળે કે ન મળે એ ખુરશીમાં બેસવા માટે, આનંદ મેળવવા માટે આ પારથી પેલે પાર કરી નાખવાનું, રામ ભુલાય ને રાવણ બનાય, કૃષ્ણને કોરાણે મુકી કંસ બની જવાય, ગાંધી ભૂલાય ને ગોડસે... અરે! આપણા બાપુ તો ખુરશીને સ્પર્શ્યા જ ન્હોતા. મારી દૃષ્ટિએ બાપુએ આ ભયંકર ભૂલ કરી હોં... પારસમણિના સ્પર્શ માત્રથી લોયું સોનું બની જતું, તો હેં બાપુ... આ ખુરશીનો તમે માત્ર સ્પર્શ પણ કર્યો હોત ને તો... અમારે સોનું તો નથી જોઇતું, પણ આ તો લોઢાથીય બદત્તર નીકળ્યાં.

મારી અક્કલ પ્રમાણે ખુરશી(ઓ) ગોઠવતી ગઇ. પછી વિચાર્યું કે આ ખુરશી કંઇ ખાતી-પીતી હશે કે નહીં? (ચોવીસે કલાક એક બીજા સામે તું..તું..મેં..મેં.. કરે છે તે ક્યારે ખાવા ભેગાં થતાં હશે...?)

હા...હા... ખુરશી બધું જ ખાય. વેજથી માંડી નોનવેજ સુધીનું બધું જ ખાય. ઘાસચારાથી માંડી બોફોર્સની તોપો પણ ખાય, સગાં-વ્હાલાં સૌને ખવરાવે, પેઢીની પેઢીઓ ખાય તો ય ન ખૂટે એટલું ખાય.

હેં, આવી અતૃપ્તિ?... કેવા અધરાયા! બોલતાં બોલતાં મારા ડોળા ફાટી ગયા. પછી પાણી-બાણી જેવું કંઇ પીવે કે પછી?

અરે ગાંડી! પાણી તે પીવાય? થમ્સ-અપ, લીમ્કા, કોકાકોલાથી માંડી દેશી-વિદેશી બધું જ પીવે. (ભીંડે લટકતી બાપુની છબિ ભલે ને રડે...)

બાપ રે! ખુરશી તારા શાં શાં ખેલ!

તેલ - પેટ્રોલ ભડકે બળે,
એમાંય - દીવાસળી મેલ,
અલી ખુરશી તારાં ઝૂટવાં ખેલ!

હજુ તો કશાય ખેલ નથી દેખાડ્યા. એ તો અવનવા રૂપે, રંગે, ઢંગે, અંગે, અને છેલ્લે ઉમંગે રંગે... રંગે... (હર... હર... ગંગે... ચિયર્સ)

આ ખુરશી અવનવા પોષાક પહેરે... સ્ત્રીના, પુરૂશના, જયલલિતા, માયાવતીની પેઠે ખડકલા ખડલી દે તો પણ ન ધરાય. (બેઠા પછી બધાય બાદશાહ) બગલાની પાંખથી માંડી રંગીન અને ભગવા વસ્ત્રો પણ લલચાય.

ન લલચાયા બાપુ કે ન લલચાઇ એમની પોતડી. અરે! ખુરશી પૂર્વમાં હોય તો પોતડી પશ્ચિમમાં લહેરે, કે મલકે... આ તે કેવી અજબ જેવી વાત છે...! એ ગીત ગાવાની ઇચ્છા જાગી ઉઠી.

(અનુસંધાન પાના નં. ૬ પર)